ગાંધીનગર સમાચાર

આર.ટી.ઓ. દ્વારા ઓવરલોડ ૨૦ ડમ્પરો ડીટેઇન

# સ્માર્ટ સીટી પ્રોજેક્ટ માટે ઈન્દોરની એજન્સી નિમાઈ

## મળેલા સૂચનોની પ્રાથમિક ચકાસણી હાથ ધરાઈ : ૪૦ હજારથી વધુ સૂચનો મેળવવા માટેના પ્રયાસ કરાશે

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર શહેરને સ્માર્ટ સીટી બનાવવાની કામગીરી માટે ઈન્દોર સ્થિત મહેતા એન્ડ એસોસીએટસ નિયુક્તી કરવામાં આવી છે.

સ્માર્ટ સીટી પ્રોજેક્ટમાં પ્રથમ ૨૦ શહેરોની પસંદગી માટેના માર્કિંગ સિસ્ટમ સહિતની કામગીરી તેમજ અન્ય મુદ્દાઓ માટે આ સપ્તાહમાં જ દિલ્હી ખાતે એક મહત્વની બેઠક પણ યોજાઈ ગઈ જેમાં કમિશ્નરશ્રી ચૌધરી તથા મેયર શ્રીમતિ હંસાબેન મોદી ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

મળતી વિગતો મુજબ સ્માર્ટસીટી માટેના સૂચનો મેળવવાની ઝુંબેશનો વધુ પ્રોત્સાહિત કરવા મનપાના તંત્રએ જાહેર જનતા માટે રૂ. ૧૦ હજારનું પ્રથમ ઈનામ રાખવાનું તેમજ કોલેજ અને શાળાના બાળકો માટે શ્રેષ્ઠ સુચન કરનાર વિદ્યાર્થી માટે રૂ. ૭ હજારનું ઈનામ રાખવાનો નિર્ણય કર્યો છે.

મહાનગરપાલિકાને અત્યાર સુધીમાં ત્રણ હજારથી વધુ સૂચનો મળી ચૂક્યા છે. આ સૂચનોની પ્રાથમિક ચકાસણી પણ ચાલુ કરી દેવામાં આવી છે.

નિયુક્ત કરાયેલ એજન્સી અને મનપાના સત્તાવાળાઓ વચ્ચે બેઠક પણ થઈ ગઈ હોવાનું આ સૂત્રોએ જણાવ્યું છે અને હવે સૂચનો મેળવી લીધા બાદ તેનો અહેવાલ ભારત સરકારને મોકલવામાં આવશે અને ત્યાં માર્કિંગ સિસ્ટમ બાદ ત્રણ તબક્કામાં સ્માર્ટસીટી પ્રોજેક્ટ હાથ પર લેવાશે. જેમાં પ્રથમ તબક્કામાં ૨૦, બીજા તબક્કામાં ૪૦ અને ત્રીજા તબક્કામાં ૪૦ શહેરો સમાવાશે.

સ્માર્ટ સીટી પ્રોજેક્ટના સૂચનો ઉપરાંત અન્ય સેવાઓ પણ માર્કિંગ સિસ્ટમમાં સમાવાઈ હોવાથી તંત્રને વધુ ગતિશીલ બનાવવાની વ્યુહરચના પણ તૈયાર કરવામાં આવી રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું છે.

ગાંધીનગર શહેરનો સ્માર્ટ સીટી પ્રોજેક્ટમાં સમાવેશ થયા બાદ તંત્રએ હવે આ દિશામાં પોતાની તપાસ શક્તિઓ કામે લગાડી છે. તંત્ર ૪૦ હજારથી પણ વધુ સૂચનો એકત્ર થાય તેવા લક્ષ્યાંક સાથે હાલ આગળ વધી રહ્યુ હોવાનું પણ આ સૂત્રોએ જણાવ્યુ છે.



શેરી ગબ્બર - નવરાત્રીના આરંભ પૂર્વે બાળકોમાં પણ સર્જનાત્મક શક્તિનો સંચાર થતો હોય એમ ગબ્બર નિર્માણની પરંપરા આજે પણ અકબંધ છે... ગામડાની શેરીઓમાં બાળકો ફાળો ઉઘરાવી ગબ્બર નિર્માણ કરતા અને માતાજી પરત્વેની ભક્તિની અભિવ્યક્તિ કરતા... ગાંધીનગર શહેરના ઝગમગાટની વચ્ચે પણ સેક્ટર-૧ નાના-નાના બાળકો એકત્ર થઈ ગબ્બર બનાવવા જહેમત ઉઠાવે છે અને માતાજીની ભક્તિના સંસ્કારો અભિવ્યક્ત કરી મા-આદ્યશક્તિની યથાશક્તિ આરાધના કરે છે... (તસવીર : હિરેન ભટ્ટ)

# આર.ટી.ઓ. દ્વારા ઓવરલોડ ૨૦ ડમ્પરો ડીટેઇન

## ટ્રાફિક નિયમનના ભંગ બદલ વાહનચાલકો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી દંડ વસુલી કરાશે

ગાંધીનગર તા ૧૦

આર ટી ઓ દ્વારા જિલ્લામાંથી ઓવરલોડ જતા ૨૦ ડમ્પરો ડીટેઈનો ડીટેઈન કરાયા છે. ડમ્પરચાલકો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી દંડ વસુલી કરવામાં આવશે. શહેર અને જિલ્લાના વિવિધ માર્ગો પર બેફામ જતા ભારે વાહનોની સંખ્યા વિશેષ છે. ત્યારે માર્ગ સલામતીની પરવા કર્યા વિના બેફામ જતા વાહનો પર અંકુશ લગાવવા માટે આર ટી ઓ દ્વારા સમયાંતરે આ પ્રકારની ઝુંબેશ હાથ ધરવામાં આવતી હોય છે.

ગાંધીનગર જિલ્લામાં માર્ગ સલામતીના નામે મીંડુ ચિતરાયેલુ છે. શહેરના માર્ગો પર બેફામ જતા વાહનોના લીધે અવારનવાર અકસ્માતો સર્જાય છે. જિલ્લામાંથી પસાર થતા ભારે વાહનોની સંખ્યા પણ વિશેષ છે. ત્યારે રેતી કપચી સહિતની સામગ્રીની ભારે વાહનોમાં હેરાફેરી કરવામાં આવતી હોય છે. એકબાજુ અન્ય રાહદારીઓનો ખ્યાલ રાખ્યા વિના ખુલ્લી રીતે લઈ જવામાં આવતી આ સામગ્રી ઘણીવાર માર્ગસલામતીની દ્રષ્ટીએ જોખમી પુરવાર થાય છે.ત્યારે આર ટી ઓ દ્વારા નિયમોનુ ઉલ્લંઘન કરીને બેફામ દોડતા આવા વાહનચાલકો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે. શહેરમાં નો પાર્કીંગ ઝોન માં વાહનો પાર્ક કરવા બદલ પણ વાહનો ડીટેઈન કરી દંડ વસુલી કરવામાં આવે છે. આર ટી ઓ તંત્ર દ્વારા ટ્રાફિક નિયમનને અનુલક્ષી દંડ વસુલી ઝુંબેશ હાથ ધરવામાં આવે છે.

# મેડીકલ કોલેજ સંકુલને વાઈ-ફાઈ ઝોન બનાવી 4G સુવિધા અપાશે

## રિલાયન્સ ટેલિકોમે મફત સેવા આપવાની તૈયારી દર્શાવી : શહેરનું પ્રથમ શૈક્ષણિક સંકુલ વાઈ-ફાઈ સાથે 4G સુવિધા ધરાવતુ થશે

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર મેડીકલ કોલેજ સંકુલને વાઈ-ફાઈ જોન બનાવી અને તેમાં 4G ની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવશે.

કોલેજના અત્યંત વિશ્વસનીય સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આ સંદર્ભે રિલાયન્સ ટેલિકોમના સત્તાવાહકોને વિધિવત્ દરખાસ્ત મોકલતાં અગાઉ બે થી ત્રણ બેઠકો પણ યોજાઈ ગઈ છે અને આગામી દિવસોમાં આ અંગેની કાર્યવાહી હાથ ધરાશે.

મળતી વિગતો પ્રમાણે 4Gની સુવિધા શૈક્ષણિક સંકુલ હોવાને કારણે રિલાયન્સ ટેલિકોમ ફ્રી ઓફ કોસ્ટ વાઈ-ફાઈ સુવિધા સાથે આપવાની તૈયારી દર્શાવી છે. રિલાયન્સને આ અંગેની વિધિવત્ દરખાસ્ત મોકલી આપવામાં પણ આવી હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

ગાંધીનગર શહેરને વાઈ-ફાઈની સુવિધા ઉપલબ્ધ બનાવવામાં આવે તેવુ સૂચન સ્માર્ટસીટીના સજેન્સમાં થયું છે. શહેરમાં સ્વર્ણિમ સંકુલ અને સચિવાલય સંકુલને વાઈ-ફાઈ ઝોન બનાવવાનો કાર્યક્રમ યોજાયો હતો. પરંતુ વાસ્તવિક અમલીકરણ હજુ શરૂ થઈ શક્યુ નથી. ઉદ્‌ઘાટનની ગણતરીની મિનિટો પુરતી આ સુવિધા ઉપલબ્ધ બની હતી તે ઉલ્લેખનીય છે.

ગાંધીનગર મેડીકલ કોલેજનું સંકુલ આ નગરનું પ્રથમ શૈક્ષણિક સંકુલ બનશે જેમાં 4G સાથે વાઈ-ફાઈ ઝોન હશે. ગાંધીનગર મેડીકલ કોલેજમાં હાલ ૧૫૦ વિદ્યાર્થીઓની મંજૂરી અપાયેલી છે. છેલ્લા ચાર વર્ષથી કાર્યરત થયેલ આ સંકુલનું શૈક્ષણિક પરિણામ પણ નોંધનીય રહ્યુ છે અને ગુજરાતમાં સારા શૈક્ષણિક સંકુલ તરીકેની આગવી ઓળખ પણ પ્રાસ્થાપિત કરેલ છે તે ઉલ્લેખનીય છે.


### જોઈએ છે

કેન્દ્ર સરકારના અનુદાનથી ચાલતી ગાંધીનગર સેક્ટર-૩૦, સ્થિત ઉદયભાણસિંહજી રિજનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ કો-ઓપરેટીવ મેનેજમેન્ટ ઈન્સ્ટીટ્યુટને વાર્ષિક મેઈન્ટેનન્સ કોન્ટ્રાક્ટ આપવાનો થાય છે. રસ ધરાવતી પાર્ટીએ દિન-૭માં બંધ કવરમાં પોતાના ભાવ સંસ્થામાં પહોંચાડવાના રહેશે.

- કોમ્પ્યુટર, પ્રિન્ટર, એલ.સી.ડી., લેપટોપ, એક્સેસ પોઈન્ટ, નેટવર્કિંગ, લેન કનેક્શન માટે સ્પેરપાર્ટ વિનાનો વાર્ષિક મેઈન્ટેન્સ કોન્ટ્રાક્ટ
- બેગ નમુના મુજબની બનાવવાનો
- સંસ્થાનની ચાર એકરની અંદર આવેલ એડમિનિસ્ટ્રેટીવ બિલ્ડીંગ, પુરુષ છાત્રાલય અને મહિલા છાત્રાલયમાં ઉધઈની ટ્રીટમેન્ટ કરવા બાબત.


જરૂર પડે સંસ્થાની રૂબરૂ મુલાકાત લઈ શકાશે. તેમજ અમારી વેબસાઈટ http://urimanage.org/documentsની મુલાકાત લઈ શકાશે.

નિયામક






રેલ્વે ટીકીટ/એર ટીકીટ
બસ મુંબઈ/શીરડી/જયપુર/પુના ઉદયપુર/સોમનાથ/દ્વારકા
પાસપોર્ટ સર્વિસ / વીઝા સર્વિસ
હોટલ બુકીંગ / ક્રુઝ બુકીંગ
ટુર-પેકેજ ગોવા, સીમલા-મનાલી, કેરાલા, કાશ્મીર, દાર્જીલીંગ, આંદામાન-નિકોબાર, થાઈલેન્ડ, સીંગાપુર, દુબઈ, મલેશિયા
શ્રીરામ ટ્રાવેલ્સ સિદ્ધાર્થ સ્ટેટસ, ન્યુ વાવોલ
૯૭૨૪૩ ૧૭૩૫૮, ૯૫૭૪૯ ૭૧૮૫૯




ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ
રૂબરૂ મુલાકાત
જાહેરાત ક્રમાંક : ૧૦-૨૦૧૫-૧૬
ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામસેવા મહાવિદ્યાલય, સૂક્ષ્મજીવાણુ-વિજ્ઞાન વિભાગ, સાદરા ડી.બી.ટી./એમ.એસ.ટી. પ્રોજેક્ટ માટે નીચે મુજબની જગ્યા પર હંગામી કરાર આધારિત નિયત વેતનમાં નિમણૂક કરવાની છે : (૧) જૂનિયર રીસર્ચ ફેલો - ૧ (એક), વધુ વિગત ગૂજરાત વિદ્યાપીઠની વેબસાઈટ www.gujaratvidyapith.org પર દર્શાવેલ સમય અને તારીખે ઉપસ્થિત રહેવું.
તા. ૧૦-૧૦-૧૫ કુલસચિવ

દિવાળીના શુભ પ્રસંગો નિમિત્તે
ONLY VIMAL A RELIANCE PRODUCT
શુટીંગ-શર્ટીંગ-સાડીઓ તેમજ ડ્રેસ મટીરીયલ મળશે.
ગાંધીનગર સમાચારની વળતર કૂપનનો લાભ મેળવો
ઓથૉરાઈઝડ ડીલર
પ્રખ્યાત મીલોના કોટનમાં પેન્ટપીસ શર્ટપીસ મળશે.
અર્બુદા એમ્પોરીયમ (ફોન નં. ૨૩૨૨૨૧૮૩)
૩૩૭, શોપીંગ સેન્ટર, સેક્ટર-૧૭, ગાંધીનગર.

સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ રાજકોટ સંચાલિત
ગાંધી જયંતિ નિમિત્તે ખાદીમાં વિશેષ વળતર

| | | |
|---|---|---|
| ગુજરાત ખાદી | ૨૫ % | વળતર |
| ગુજરાત ખાદી તૈયાર કપડાં | ૨૫ % | વળતર |
| પરપ્રાંત ખાદી | ૧૫ % | વળતર |
| પરપ્રાંત ખાદી તૈયાર કપડાં | ૧૫ % | વળતર |
| રેશમ ખાદી | ૧૫ % | વળતર |

વ્હાઈટ મેટલ મૂર્તિઓ, ઓક્સોડાઈઝ બેંગલ બોક્સ, બાજઠ, ચંપલો, ગ્રામોદ્યોગના સાબુ, તલ તેલ, અનાજ, કઠોળ તેમજ ઘઉં, બાજરી, મઠ, અડદનો લોટ અને સરકારશ્રી દ્વારા માન્ય સ્ટીલ તેમજ વુડન ફર્નિચર ખરીદવાનું સ્થળ



ખાદી ગ્રામોદ્યોગ ભવન
સેક્ટર-૧૬, ગાંધીનગર, ફોન નં. ૨૩૨૨૨૩૩૩
ગૃહ વસ્તુ ભંડાર
સેક્ટર-૧૬, ગાંધીનગર, ફોન નં. ૨૩૨૨૨૭૬૧



સમય : ૧૦-૩૦ થી ૭-૩૦ ● રીશેષ : ૨-૩૦ થી ૩-૩૦
આજે તા. ૧૧/૧૦/૨૦૧૫ને રવિવારના રોજ કેન્દ્ર ચાલુ રહેશે.


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com